ગાંધીનગર સમાચાર

સલામી સવારની..

આપસની લડાઈમાં વિકાસ ભૂલાઈ જાય છે,
શ્રી કેજરી હોય કે કેન્દ્ર પ્રજા રૂલાઈ જાય છે,
ઉલાઈ જાય ઉત્સાહ, તુલાઈ જાય આવડત -
વિદેશમાં ભાડુતી ભીડ જોઈ ફૂલાઈ જાય છે!

હાઈકુ

મેરી જેલ મેં -
સફળ સુરંગ ને,
લેટર બૉમ્બ ?!

અમેરિકામાં -
'રક્ષા'ની ગોળી ખાઈને
કરે વોમીટ!

(પત્રો બ્હાર જાય છે કેમ?!) (હેડલીને ઉપડી હેડકી)

ચિંતન

ધૃતરાષ્ટ્ર :
નિત્યો દ્વિગ્નમિદં સર્વ નિત્યોદ્વિગ્નમિદં મનઃ । યત્તત્પદમનુદ્વિગ્નં તન્મે વદ મહામતે ॥
વિદુરજી :
નાન્યત્ર વિદ્યા તપ સોર્નાન્યત્રેન્દ્રિય નિગ્રહાત । નાન્યત્ર લોભ સન્યતાગાચ્છતિ પશ્ચાનિ તે અનઘ ॥

(૧) ધૃતરાષ્ટ્રે પાંડવોના કરેલા અન્યાયથી હવે ખૂબ ઉદ્વેગ થાય છે તેથી વિદુરજીને વિનંતી કરે છે કે હે! બુદ્ધિમાન! મારા માટે હવે આ આખુંય જગત નિત્ય વ્યાકુળ અને અશાંતિ આપનારું બન્યું છે, મારું મન ખૂબ જ વ્યથિત રહે છે, માટે હે વિદુર મને શાંતિ પ્રાપ્ત થાય એવા ઉપચાર બતાવો:'

(૨) વિદુરજી પછી ધૃતરાષ્ટ્રને શાંતિના ઉપાય દર્શાવતાં કહે છે કે : 'હે નિષ્પાપ, વિદ્યા, તપ અને ઈન્દ્રિય નિગ્રહ એટલે કે સંયમ, અને 'લોભ' નો ત્યાગ કરવાથી જે શાંતિ મળે છે એવી શાંતિનું સ્થાન કે ઉપાય હું બીજે ક્યાંક જોતો નથી.

ધૃતરાષ્ટ્રે પુત્રનો મોહ, સત્તાનો લોભ અને રાજસત્તાનો ભોગવાસના છે અને તપ અને વિદ્યા આવા વાતાવરણમાં જ થાય. એટલે વિદ્યા-તપ, સંયમ અને ત્યાગમાં જ શાંતિ મળે છે.

સુવિચાર

- મૌનના વૃક્ષ પર શાંતિનું ફળ ઉગે છે - **અરબી કહેવત**
- પ્રભુ એ તમને જે કારણે નિરમ્યા છે તેથી ઊણા ન ઉતરવામાં તમારી મોટી નામના રહેલી છે - **પેરીક્લીસ**
- અસલી આનંદ સહેલો છે આપણને પરેશાન કરે છે નકલી આનંદની ઘેલછા - **ડૉ. ચંદ્રકાન્ત મહેતા**
- સ્વાર્થી મનુષ્ય ભોગી હોય છે, અને ભોગ પ્રધાન ને લીધે એનામાં ત્યાગનું તત્ત્વ ટકી શકતું નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- હાથ મળે પણ હેતની સરવાણી ન ફૂટે તેવું મિલન વ્યર્થ, હાથ મળે પણ ક્ષમાની સહજ ભાવનાનો એમાં એકે ન હોય એવું મિલન પણ વ્યર્થ - **ફાધર વાલેસ**
- આજનું ઔષધ : બાદીયાનો ઉકાળો પીવાથી ગેસ, આફરો દૂર થાય છે

(સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

આજે 'ન્યાય' પણ ચર્ચાસ્પદ બન્યો છે જયાં જયાં નેતાઓ પોતાને અનુકૂળ 'ન્યાયધીશ' મૂક્યા હોય ત્યાંથી તેમને 'ક્લીનચીટ' પણ સરળતાથી મળી જાય છે. ધનિકો-કલાકારો-અભિનેતાઓ ને પણ વાંધો આવતો નથી.

બંગાળના એક ન્યાયધીશ, ચુસ્ત-પ્રામાણિક અને ન્યાયની બાબતમાં કડક હતા. એવા ન્યાયાધીશની કોર્ટમાં જ એમનો પુત્ર 'હત્યા' ગુનાસર કેસ આવ્યો. સાક્ષી-પુરાવા પ્રમાણે ગુનો સાબિત થયો. ફાંસી સિવાય બીજી કોઈ સજા થાય જ નહીં. ચુકાદાના દિવસે, પત્નીએ ન્યાયધીશના પગ પકડી ધ્રૂસકે રડતાં કહ્યું, આપણો એકનો એક પુત્ર છે. હું તમારી નિષ્પક્ષ-ન્યાયનિષ્ઠા જાણું છું પણ...

ન્યાયધીશે કહે, સત્યને આંચ ન આવે એનું હું જરુર ધ્યાન રાખીશ. ચૂકાદાની ક્ષણ આવી. વકીલો અને કોર્ટમાં હાજર સૌનો જીવ અદ્ધર થઈ ગયો. અને ન્યાયાધીશે પોતાના પુત્રને ફાંસીની સજા ફટકારી દીધી. ભારે હૈયે ન્યાયધીશ ઘરે આવ્યા અને ઘરનાં બારણાંમાં જ ફસડાઈ પડ્યા તેમનો પણ જીવ નિકળી ગયો. પિતા-પુત્ર બંનેની સ્મશાનયાત્રા સાથે જ નીકળી.

બંગાળના આ ન્યાયધીશ શ્રી ચારુદત્ત બંગાળના ન્યાયકોર્ટના ઈતિહાસમાં અમર થઈ ગયા.

કેજરીવાલ કસોટીની એરણ પર

તંત્રીસ્થાનેથી...

દિલ્હીમાં ભારે બહુમતી મેળવી સત્તા કબજે કરનાર કેજરીવાલ સરકાર એની કારકિર્દીનું પ્રથમ વર્ષ પૂરું કરી આગામી ૧૪ ફેબ્રુઆરીના રોજ બીજા વર્ષમાં પ્રવેશી રહી છે. કેજરીવાલને અગાઉ પણ દિલ્હીની રાજય સરકારનું નેતૃત્વ કરવાની તક પ્રાપ્ત થઈ હતી, પરંતુ અનેક કારણોસર એમણએ ફક્ત ૪૯ દિવસોમાં જ ખુરશી છોડી દેવાનો નિર્ણય લીધો હતો. આ નિર્ણય પાછળ કદાચ એમનો આશય રાષ્ટ્રીય કક્ષાએ લોકસભાની ચૂંટણીમાં નરેન્દ્ર મોદીને સીધો પડકાર આપવાનો હતો. પરંતુ એમાં ધારી સફળતા ન સાંપડતાં એમણે ફરી એક વાર દિલ્હીના રાજકારણમાં સ્થિર થવાના પ્રયાસો શરુ કર્યા હતા. કોંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટી - બેઉને હરાવીને સૌથી સક્ષમ રાજકીય પ્રતિભા તરીકે પ્રસ્થાપિત થયેલા કેજરીવાલની પહેલી સરકારને કોંગ્રેસે બહારથી સમર્થન આપ્યું હતું. પરંતુ સૌથી મોટા પક્ષ તરીકે ચૂંટાયેલ ભારતીય જનતા પાર્ટી ઉપરાંત કોંગ્રેસના નેતાઓ સામે પણ આક્ષેપો કરતાં રહ્યા એથી કોંગ્રેસે ટેકો પાછો ખેંચી લેવાની ધમકી આપતાં કેજરીવાલને પલાયનનું રાજકારણ સ્વીકારવું પડ્યું હતું. મોદી વિરુદ્ધ વારાણસીની લોકસભાની ચૂંટણીમાં બીજા ઉમેદવારો કરતાં સારો દેખાવ કરનાર કેજરીવાલે દિલ્હીના રાજકારણમાં પાછા ફરી સરકાર બનાવવા સિદ્ધાંત વિરોધી સમાધાનો પણ સ્વીકારવાની તૈયારી રાખી હતી તે બાબતનો પાછળથી એમની જ પાર્ટીના પૂર્વ વિદ્યાયક રાજેશ ગર્ગ દ્વારા ઘટસ્ફોટ થયો ત્યારે કેજરીવાલ પણ બીજા રાજકારણીઓ જેવા જ સત્તાભૂખ્યા રાજનેતા હોવાની છાપ ઊપસવા પામી હતી. તેમ છતાં દિલ્હી વિધાનસભાની ફરી ચૂંટણી અપાતાં કેજરીવાલ પર દિલ્હીની પ્રજાને મન મૂકીને વરસવાનું પસંદ કર્યું હતું. કુલ ૭૦ પૈકી ૬૭ બેઠકો આમ આદમી પાર્ટીની ઝોળીમાં પધરાવી દઈ દિલ્હીની પ્રજાએ પાંચ વર્ષ માટે પોતાનું ભવિષ્ય અભરામ નંદાવે કેજરીવાલા હવાલે કરી દીધું હતું. આટલી પ્રચંડ બહુમતી મેળવ્યા પછી સ્વાભાવિક રીતે જ કેજરીવાલે ચૂંટણીપ્રચાર દરમિયાન આપેલ વચનો પૂરાં કરવા કમર કરી હતી. પરંતુ કેન્દ્ર સરકાર માટે એમનો ઉદય અપશુકનિયાળ હતો. એમને હરાવવા માટે કિરણ બેદી જેવા બિનવિવાદાસ્પદ આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા ધરાવતાં મહિલાને ભારતીય જનતા પાર્ટીએ મુખ્યમંત્રીપદનાં ઉમેદવાર તરીકે રજૂ કર્યા હતા, છતાં પ્રજાએ તો કેજરીવાલ પર જ ઓવારી જઈ કેન્દ્રને અર્થાત્ સ્પષ્ટ રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લાંબા સમય સુધી ચચરે એવો તમાચો ફટકાર્યો હતો. આથી ગિન્નાયેલી કેન્દ્ર સરકારે કેજરીવાલને ડગલને પગલે હેરાન-પરેશાન કરવા માટે દિલ્હીના ઉપરાજયપાલ ડૉ. નજીબ જંગનો ભરપૂર ઉપયોગ કર્યો છે, તે હકીકત હવે કોઈથી અજાણી નથી રહી. કેજરીવાલની કાર્યશૈલી સામે ખુદ એમના જ પક્ષમાં ઉગ્ર વિરોધ શરુ થયો અને એક સમયના એમના ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઈડ સમા ધારાશાસ્ત્રી પ્રશાંત ભૂષણ તથા યોગેન્દ્ર યાદવે બગાવત કરતાં એમને પાર્ટીમાંથી કાઢી મૂકવા જેવો આકરો નિર્ણય લેવો પડ્યો. આવા સંઘર્ષમય વાતાવરણમાં કેજરીવાલને ખુદ એમના જ મંત્રીમંડળના કેટલાક સાથીઓ સામે કડક પગલાં લેવાં પડ્યાં હતા. પાર્ટીના જ કેટલાક અંસતુષ્ટ સાંસદોએ પણ એમની વિરુદ્ધ ઝુંબેશ ઉપાડી હતી. પરંતુ કેજરીવાલ-મનીષ સિસોદિયાની જુગલજોડી તમામ પડકારો સામે ઝઝૂમતી રહી અને અત્યાર સુધી કયારેક નહીં લેવાયેલા પ્રગતિશીલ પગલાં ભરી દિલ્હીની પ્રજાના દિલોદિમાગમાં સ્વચ્છ અને કામ કરતી સરકારની ઈમેજ ઊભી કરી શકી છે. છેલ્લે દિલ્હીના સફાઈ કામદારો તથા એમસીડી કર્મચારીઓ દ્વારા પાડવામાં આવેલ હડતાલથી આખું પાટનગર ગંદકીના ઉકરડામાં ફેરવાઈ ગયું છતાં પ્રજાએ એમના આ ડાઈનેમિક નેતામાંથી વિશ્વાસ ગુમાવ્યો નથી. એમણે દિલ્હીને પ્રદૂષણ મુક્ત કરવા અપનાવેલી વાહનોની ઓડ-ઈવન ફોર્મ્યુલાને પણ પ્રજાએ માન્ય ઠેરવી છે તે જ શું એમના પ્રત્યેની શ્રદ્ધાનું સર્ટિફિકેટ નથી?

ઓપરેશન થિયેટર જંતુ મુક્ત કેવી રીતે થાય?

• Culture and sensitivity (કલ્ચર અને સેન્સીવીટી) શું છે?

સવિતાબેન ને ખુબ તાવ ચડ્યો હતો. માથું ખુબ દુઃખતુ હતું. ઠંડી ખુબ લાગતી હતી. શરીરમા અસહ્ય પીડા થતી હતી. સામાન્ય દવા જેવી કે paracetomol એમને ૨ દિવસ લીધી. ડૉકટરને બતાવ્યું. ડોકટરે કહ્યું કે ક્યાં તો મેલેરીયા અથવા વાઈરલનો તાવ હોય એવું લાગે છે. થોડા ટેસ્ટ લખી આપશું .

લેબોરેટરીમા જઈને કરાવી લાવો. પછી પાકુ નિદાન થશે અને પછી દવા આપશું. ત્યાં સુધી ૧૦૦ ઉપર તાવ થર્મોમીટરમાં દેખાય તો મીઠાના પાણીના પોતા માથે મુકવા. દિવસ માં ૩ વખત થર્મોમીટર થી શરીરનું temperature માપવું. ડોકટરે લેબોરેટરીમા HBTCDC ESR , SGPT,WIDAL,URINE ના ટેસ્ટ કરવાનું કહ્યું.

લેબોરેટરીમા રીપોર્ટમા WHITE BLOOD CELL (શ્વેત કણો) વધારે આવ્યા જે ૨૨૦૦૦ હતા. જેની નોર્મલ રેન્જ ૪૦૦૦ થી ૧૦૦૦૦ હોય છે. બાકીના બધા રિપોર્ટ નોર્મલ હતા. ડોકટરે કહ્યું કે ક્યાંક જંતુનો ચેપ (INFECTION) હોય એવું લાગે છે. કદાચ ન્યુમોનિયા પણ હોય શકે. તપાસતા તો ફેફસા ખાલી લાગે છે છતા પણ છાતી નો X-RAY અને SONOGRAPHY કરવો. સવિતાબેનના તે પણ રિપોર્ટ નોર્મલ આવ્યા. બોલો હવે શું હશે? ડોકટરે INFECTION માટે એન્ટી-બયોટીક શરુ કરી. ૪ દિવસ નસમા એન્ટી-બયોટીકના ઈન્જેકશન આપ્યા પછી પણ તાવ મચક ન હતો આપતો. ડૉકટર મુંજાયા અને દર્દી ખુબજ અકળાયું. ડોકટરે કહ્યું હવે કમરમાંથી પાણી (CSF FLUID) કાઢીને જોવું પડે. સવિતાબેનને કહ્યું જે કરવું હોય તે કરો મારા બાપ. તમે મારા ભગવાન છો. તમે મારો તાવ મટાડો કા'તો મને ભગવાનના ઘેર જવા દો. પાણીનો ટેસ્ટ કરાવ્યો અને તે પણ નોર્મલ આવ્યો. કરમની કઠણાઈ તો જુઓ ! ૧૦-૧૦ દિવસ થયી ગયા છતા મને તાવ મટતો નથી, સવિતાબેન ખુબજ અકળાયા. અને ડૉકટર ખુબજ મુંજાયા. ડૉકટર જીવ પર આવી ગયા. અને દર્દીને દાખલ કરીને બરાબર ઓબ્જર્વ કરવા માંડ્યા. બધું તપસ્યા પછી પણ ખબર પડતી નહતી. ડૉકટર ખુબજ હોંશિયાર હતા. સવિતાબેન વારે વારે તેમનો હાથ તેમના થાપા ઉપર મુકતા હતા. ડોકટરે આ જોયુ. અને એમને સવિતાબેનના થાપાની તપાસ કરી. તો ખબર પડી અરે! ઓ ભગવાન ! થાપા ઉપર તો લાલ ભાગ થયી ને પરૂ થઇ ગયું છે. ડોકટરે કહ્યું આ થાપા પર જે પરૂ થઇ ગયું છે એના હિસાબે તાવ મટતો નથી. ડોકટરે કહ્યું કે તમે સર્જન પાસે જાવ. હું ચિઠ્ઠી લખી આપુ શું. સવિતાબેન સર્જન પાસે ગયા. સર્જને થાપાનુ નાનુ ઓપરેશન કર્યું અને ૨૦૦ ml જેટલુ પરૂ બહાર કાઢ્યું અને એને લેબોરેટરીમાં Culture and sensitivity ના રિપોર્ટ કરવા મોકલ્યા.

હવે, સવાલ એ થાય છે કે થાપા મા પરૂ કેવી રીતે આવ્યું? સવિતાબેનની વધારે HISTORY લેતા ખબર પડી કે ૨૦- ૨૨ દિવસ પહેલા સવિતાબેનને મધ માખીઓ કરડી હતી ત્યારે એમને એના રીએક્શન માટે એક ડૉકટરને ત્યાં થાપા ઉપર એન્ટી- રીએક્શનનુ ઈન્જેક્શન લીધું હતુ. જેના લીધે થાપામા પરૂ થયું હતું. તો સવાલ એ થાય કે પરૂ ત્યાં કેવી રીતે થયું? શું ડોકટરે સોય જંતુ રહિત (NON STERYLE) વાપરી હશે? ઈન્જેક્શન Duplicate હશે? કા'તો સવિતાબેનના શરીરમા એ ઈન્જેક્શને રીએક્ટ કર્યું હશે? કા'તો ડોકટરે ઈન્જેક્શન આપતા પહેલા એ થાપાના ભાગને સ્પિરિટ વડે બરાબર સાફ નહિ કર્યુ હોય? આમા ઉપરમાથી ગમે તે કારણ હોય પણ ઈન્ફેક્શન થયું તે સાચી વાત. પરૂ (Culture and sensitivity) નો રિપોર્ટ આવ્યો. જેમા Staphylococcus aureus નામના ગ્રામ પોઝીટીવ બેકટેરિયા મળ્યા. અને એ કઈ કઈ દવાથી sensitive છે તેનો Culture and sensitivityનો રિપોર્ટ મળ્યો. અને તેમાંથી શોધીને સારી દવા ડોકટરે લખી આપી. અને આખરે સવિતાબેનનો તાવ ગયો.

મયુરભાઈના રાધાબેન સાથે હમણા જ નવા નવા લગ્ન થયા . હનીમૂન માટે સિંગાપુર ગયા. ઘણા વર્ષો પછી મોટી ઉમરે તેમના લગન થયા હતા. થનગનાટ બહુ હતો તેની સાથે આવેશ પણ બહુ હતો. વર્ષોના અધૂરા સપના પુરા થયા હતા. સિંગાપુરથી ફરીને પાછા સ્વદેશ આવ્યા. અને મયુરભાઈને પેશાબમા ખુબજ બળતરા થવા માડી. ના રહેવાય કે ના શહેવાય. મયુરભાઈ ડૉકટર પાસે ગયા. ડોકટરે કહ્યું, અરે ભાઈ! આતો સીધો સાદો honeymoon pilates નો કેસ છે. આવુ ઘણાને થતું હોય છે. ડોકટરે તેમણે લેબોરેટરીમાં

અનુસંધાન પાના નં. ૭ પર

મહિલા પત્રકારોને કયો પુરસ્કાર એનાયત કરવામાં આવે છે?

વિભિન્ન પારિતોષિકો

(૧) સૌ પ્રથમ વાચસ્પતિ પુરસ્કાર મેળવનાર સાહિત્યકાર કોણ હતા?
(અ) ડૉ. મહાદેવી વર્મા (બ) ડૉ. જગન્નાથ પાઠક
(ક) ડૉ. રાધાકૃષ્ણન (ડ) ડૉ. જયસિંહ નીરજ

(૨) કે.કે. બીડલા ફાઉન્ડેશન દ્વારા કયો પુરસ્કાર અપાય છે?
(અ) શંકર પુરસ્કાર (બ) ગોવર્ધન પુરસ્કાર
(ક) ગોવિંદ પુરસ્કાર (ડ) મંથન પુરસ્કાર

(૩) કેન્દ્રીય હિન્દી સંસ્થાન દ્વારા કયો પુરસ્કાર અપાય છે?
(અ) વિદ્યાભારતી પુરસ્કાર (બ) સુબ્રહ્મણ્ય ભારતી પુરસ્કાર
(ક) ઈકબાલ પુરસ્કાર (ડ) સરસ્વતી પુરસ્કાર

(૪) શાંતિ સ્વરુપ ભટનાગર પુરસ્કાર કયા ક્ષેત્ર માટે અપાય છે?
(અ) સાહિત્ય ક્ષેત્ર (બ) રમત ક્ષેત્ર
(ક) સમાજસેવા ક્ષેત્ર (ડ) વિજ્ઞાન ક્ષેત્ર

(૫) હોમીભાભા પુરસ્કાર કયા ક્ષેત્ર માટે અપાય છે?
(અ) પરમાણુ (બ) ચિકિત્સા
(ક) ઈલેક્ટ્રોનિક્સ (ડ) પ્રકાશશાસ્ત્ર

(૬) નીચેનામાંથી કયો એવોર્ડ તબીબક્ષેત્ર ને અપાયો નથી?
(અ) ધન્વંતરી પુરસ્કાર (બ) નોબેલ પુરસ્કાર
(ક) ડૉ. બી.સી.રોય પુરસ્કાર (ડ) બારલોગ પુરસ્કાર

(૭) દર વર્ષે બંધારણ માન્ય આઠ ભાષાઓને કયો પુરસ્કાર અપાય છે?
(અ) ટાગોર સાહિત્ય પુરસ્કાર (બ) જ્ઞાનપીઠ પુરસ્કાર
(ક) સરસ્વતી સન્માન પુરસ્કાર (ડ) સાહિત્ય અકાદમી પુરસ્કાર

(૮) ભારતીય જ્ઞાનપીઠ સમિતિ દ્વારા કયો પુરસ્કાર અપાય છે?
(અ) જ્ઞાનપીઠ પુરસ્કાર (બ) મૂર્તિદેવી પુરસ્કાર
(ક) ટાગોર સાહિત્ય પુરસ્કાર (ડ) સરસ્વતી સન્માન

(૯) ઈકબાલ સન્માન કઈ રાજય સરકાર દ્વારા અપાય છે?
(અ) ઉત્તરપ્રદેશ સરકાર (બ) બિહાર સરકાર
(ક) મહારાષ્ટ્ર સરકાર (ડ) મધ્યપ્રદેશ સરકાર

(૧૦) હિન્દીમાં જ્ઞાનપીઠ એવોર્ડ મેળવનાર પ્રથમ સાહિત્યકાર કોણ છે?
(અ) સૂમિત્રાનંદન જોષી (બ) મહાદેવી વર્મા
(ક) આશાપૂર્ણા દેવી (ડ) સત્યવૃત્ત શાસ્ત્રી

(૧૧) કે.વી. પુટપ્પા ને કંઈ ભાષામાં જ્ઞાનપીઠ એવોર્ડ મળ્યો હતો?
(અ) ઊડિયા (બ) મરાઠી
(ક) કન્નડ (ડ) બંગાળી

(૧૨) મહિલા પત્રકારોને કયો પુરસ્કાર એનાયત કરવામાં આવે છે?
(અ) ચમેલી દેવી (બ) સી.કે. નાયડુ પુરસ્કાર
(ક) સરલા સન્માન (ડ) ગોપાલ રત્ન સન્માન

(૧૩) ફેમિના પત્રિકા દ્વારા કયો એવોર્ડ અપાય છે?
(અ) ચમેલી દેવી (બ) મીસ ઈન્ડિયા પુરસ્કાર
(ક) એમ્પી પુરસ્કાર (ડ) ગ્રેમી પુરસ્કાર

(૧૪) શ્રેષ્ઠ સાંસદને કયો પુરસ્કાર આપવામાં આવે છે?
(અ) ફિરોઝ ગાંધી પુરસ્કાર (બ) જમનાલાલ બજાર પુરસ્કાર
(ક) તિલક પુરસ્કાર (ડ) ગોવિંદ વલ્લભપંત પુરસ્કાર

(૧૫) ટાઈમ્સ ઑફ ઈન્ડિયા ગ્રુપ દ્વારા કયો એવોર્ડ અપાય છે?
(અ) ફિલ્મ ફૅયર પુરસ્કાર (બ) ગોલ્ડન ગ્રેટ પુરસ્કાર
(ક) ગોલ્ડન ગ્લોબ પુરસ્કાર (ડ) ઓસ્કાર પુરસ્કાર

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ

- ૧૨ ફેબ્રુઆરી ૧૮૯૩ માર્સેલ ગીલ્સ ઝોજેફ મિનર્ટ : ફ્રેન્ચ ખગોળશાસ્ત્રી, ભૌતિકશાસ્ત્રી, સોલાર રીસર્ચરની સ્થપના કરના
- ૧૨ ફેબ્રુઆરી ૧૮૭૩ બર્નમ બ્રાઉન : અમેરીકન જીવાસ્મ વૈજ્ઞાનિક. ડાયનાસોર જેવા પ્રાણીઓના અશ્મિઓ પર સંશોધન કરનાર
- ૧૩ ફેબ્રુઆરી ૧૮૫૨ જહોન લડવીંગ ઈમીલર : ડેનીસ એસ્ટ્રોનોમર, નેબ્યુલા અને કલ્સટર સ્ટાર પર સંશોધન કરનાર
- ૧૩ ફેબ્રુઆરી ૧૮૫૧ જી. બ્રાઉન ગુડ : અમેરીકન જુઓલોજીસ્ટ, અમેરીકાના વોશિંગ્ટન ખાતે 'નેશનલ મ્યુઝિયમ ઓફ નેચરલ હિસ્ટ્રી' ના પૂર્વ નિયામક
- ૧૪ ફેબ્રુઆરી ૧૯૧૧ વિલિયમ જે. કૉફ : ડચ અમેરીકન તબીબશાસ્ત્રી, આર્ટીફીશીયલ અવયવો બનાવવાની શરુઆત કરનાર
- ૧૪ ફેબ્રુઆરી ૧૮૯૮ ફિત્ઝ ઝવીકી : સ્વીઝ અમેરીકન એસ્ટ્રોનોમર, સુપરનોવા પર સંશોધન કરનાર
- ૧૫ ફેબ્રુઆરી ૧૮૭૩ હેન્સવોલ ઈલર ચેપ્લીન : ઝર્મન-સ્વીડીશ બાયોકેમીસ્ટ, સુગરમાં રહેલા એન્ઝાઈમ પર સંશોધન કરનાર ૧૯૨૯માં નોબેલ પ્રાઇઝ વિજેતા
- ૧૫ ફેબ્રુઆરી ૧૮૬૧ ચાર્લ્સ એડોર્ડ ગુલિયમ : ફ્રેન્ચ ભૌતિકશાસ્ત્રી નિકલ-સ્ટીલ એલોઈડની શોધ કરનાર
- ૧૬ ફેબ્રુઆરી ૧૮૪૮ હૂગો ડે વીસ : ડચ બોનાનીસ્ટ અને જનીન શાસ્ત્રી 'ઓર્ગોનીક ઈવોલ્યુશન' પર કામ કરનાર
- ૧૬ ફેબ્રુઆરી ૧૮૪૩ હેનરી માર્ટીન લીલેન્ડ : અમેરીકન સંશોધક અને ઉદ્યોગપતિ, કેડીલેક મોટરના ફાઉન્ડર
- ૧૭ ફેબ્રુઆરી ૧૮૫૮ માર્ગરિટ વાર્નર મોર્લી : અમેરીકન બાયોલોજીસ્ટ. તથા લેખક, નેચર પર સંશોધન કરનાર
- ૧૭ ફેબ્રુઆરી ૧૮૫૬ ફેડરીક યુગન લેવ્સ : અમેરીકન ફોટોગ્રાફર, હાફટન પ્રોસેસ વિકસાવનાર
- ૧૮ ફેબ્રુઆરી ૧૮૯૪ એલેકસેન્ડર ઓપ્રિન : રશિયન બાયોકેમીસ્ટ, આપણું શરીર અને ઘટકો કેમિકલના બનેલા છે તેના પર સંશોધન કરનાર
- ૧૮ ફેબ્રુઆરી ૧૮૭૧ હેરી બેરલી : ઈંગ્લીશ મેટરીયોલોજીસ્ટ, સ્નેનલેસ સ્ટીલની શોધ કરનાર

ગત સપ્તાહના સવાલનો જવાબ

સવાલ : તાજેતરમાં કોંગ્રેસના કયા ધારાસભ્યનું અવસાન થયું.
જવાબ : જશભાઈ ધાનાભાઈ બારડ

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૨) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી (૩) નટુભાઈ દરજી : પેથાપુર (૪) સુબામિયા એલ. સૈયદ : ધારીસણા, દહેગામ (૫) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી, ૬૨૦/૧, (૬) સોનાલી કે વાઘેલા : કોબા

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

દિલ્હી ખાતે યોજાયેલ પ્રજાસત્તાક પર્વમાં કયા દેશના રાષ્ટ્રપ્રમુખ મુખ્ય મહેમાન તરીકે આવ્યા હતા? તેમનું નામ શું?

'ગાંધીનગર સમાચાર'-ખજાનો વિભાગ,
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

સાચા જવાબો

(૧) બ (૨) અ (૩) બ (૪) ડ (૫) અ (૬) અ (૭) અ (૮) બ (૯) ડ (૧૦) અ (૧૧) ક (૧૨) અ (૧૩) બ (૧૪) ડ (૧૫) અ

અસલી રત્નોની ચમક



'પૃથ્વી ઉપર ત્રણ જ રત્નો છે - જળ, અન્ન અને સુભાષિત. મૂરખ લોકો પથ્થરના ટૂકડાને રત્નનું નામ આપે છે.' સુભાષિતનું મહત્ત્વ જળ અને અન્ન કરતાં વધુ છે. આવાં ચમક ધરાવતાં રત્નોની માળા અહીં પ્રસ્તુત છે :

(૧) સુભાષિતના રસની પાસે દ્રાક્ષનું મુખ ઝાંખુ થયું, સાકર પથ્થર થઈ ગઈ, સુધા ભય પામી, સ્વર્ગે જતી રહી.

(૨) હલકાં માણસોને ઝઘડા સિવાય મજા ન આવે. કાગડો બધાં રસો લે ખરો, પણ માંસ સિવાય એ ધરાય નહિ.

(૩) લોભિયા જેવો કોઈ દાતા થયો નથી અને થવાનો નથી. ધનસંપત્તિને અડ્યા વગર એ મરણ સમયે બીજાને આપી દે છે.

(૪) સંપત્તિ મહાન લોકોને અને આપત્તિ પણ મહાન લોકોને. વૃદ્ધિ અને ક્ષય ચંદ્રને હોય, તારાઓને ક્યારેય નહિ.

(૫) હે બુદ્ધિવગરના! તું મૂરખ થા. આ તારે માટે સહેલું છે. મૂરખનાં આઠ ગુણો છે - કોઈની ફિકર નહિ કરવાની. બહુ ખાવાનું, બહુ બોલવાનું, દિવસે અને રાતે સપનાં જોવાના, શું કરવા જેવું અને શું ન કરવા જેવું; એ બાબતમાં આંધળો-બહેરો, માન અને અપમાનમાં સરખો, નખમાંય રોગ નહિ, મજબૂત શરીર બાંધો - આ મૂરખ સુખેથી જીવે.

(૬) અતિભોજન-આરોગ્ય, આયુષ્ય, ઉન્નતિ અને પુણ્યનો નાશ કરનારું તેમજ લોકનિંદા વાળું છે. તેથી આનો ત્યાગ કરવો.

(૭) દિવસને અંતે દૂધ પીવે, રાત્રિને અંતે પાણી પીવે, ભોજનને અંતે છાસ પીવે - એને વૈદ્યની શી જરુર?

(૮) પેટના બે ભાગ ખોરાકથી પૂરવા, ત્રીજો ભાગ પાણીથી ભરવો ચોથો ભાગ વાયુની ગતિ માટે ખાલી રાખવો.

(૯) પાણી અજીર્ણમાં ઔષધ છે, ખોરાક પચ્યા પછી બળ આપે છે, અર્ધા ભોજન સમયે અમૃત છે પરંતુ ભોજનને અંતે ઝેર છે.

(૧૦) જયાં સન્માન ન મળે, જયાં સ્વજનોનો સ્નેહ ન હોય. જયાં વિદ્યાની પ્રાપ્તિ ન હોય - એવા દેશને છોડી દેવાનો.

(૧૧) જેવો દેશ તેવી ભાષા, જેવો નેતા એવી પ્રજા, જેવી ભૂમિ એવું પાણી, જેવું બીજ એવું અંકુર.

(૧૨) ગંભીર ન હોય એની વિદ્યા, લોભિયાનું ધન અને ડરપોકનું બાહુબળ - સંસારમાં આ ત્રણેય નકામા.

(૧૩) જયાં સ્ત્રીઓ પૂજાય છે ત્યાં દેવતાઓને પણ આનંદ હોય છે જયાં તેઓ પૂજાતી નથી ત્યાં બધી પ્રવૃત્તિઓ નકામી છે.

(૧૪) ૧૦ શિક્ષક = ૧ આચાર્ય. ૧૦૦૦ આચાર્ય = ૧ પિતા, ૧૦૦૦ પિતા = ૧ માતા. મહાનતામાં માતાને કોઈ ન ચડે.

(૧૫) સો કાર્યો પડતાં મૂકીને ખાવું. હજાર કાર્યો પડતાં મૂકીને નહાવું, લાખ કાર્યો પડતાં મૂકીને દાન આપવું. કરોડ કાર્યો પડતાં મૂકીને હરિ ભજવા.

(૧૬) પ્રવાસમાં મિત્ર વિદ્યા, ઘરમાં મિત્ર પત્ની, રોગ આવે ત્યારે મિત્ર દવા. મરણ આવે ત્યારે મિત્ર ધર્મ.

(૧૭) અશ્વત્થામા, બલિરાજા, વેદવ્યાસ, હનુમાન, વિભીષણ, કૃપાચાર્ય અને પરશુરામ - સાત ચિરંજીવીઓ છે.

(૧૮) રામાયણ મહાનદી છે. સંસારને પવિત્ર કરે છે એ વાલ્મિકી-પર્વતમાંથી પ્રગટી છે અને રામ-સાગરમાં જાય છે.

(૧૯) વાદળ ગરજે એટલે કોયલ મૌન રાખે એ જ સારું છે. દેડકાં (જેવા) વક્તાઓ હોય એટલે મૌન રાખવું એ જ સારું છે.

(૨૦) પરોક્ષમાં કાર્યોને હણી નાખે અને પ્રત્યક્ષમાં પ્રિય બોલે. આવા મિત્રને છોડી દેવો. આ તો ઉપર ઉપર દૂધ હોય એવો ઝેરનો ઘડો છે.

ખરેખર આ અને આની જેવા સુભાષિત છે તે જીવનમાં ક્યાંક ને ક્યાંક ઉપયોગી બને એવી સરસ અને અસરકારક ઉક્તિઓ છે.